28.09.2024 પ્રાતઃમુરલી ઓમ શાંતિ બાપદાદા મધુબન

"મીઠાં બાળકો - જ્યારે તમે નંબરવાર સતોપ્રધાન બનશો ત્યારે આ કુદરતી આપદાઓ તથા વિનાશ નો ફોર્સ વધશે અને આ જૂની દુનિયા સમાપ્ત થશે"

પ્રશ્ન :- કયો પુરુષાર્થ કરવા વાળાને બાપ નો પૂરો વારસો પ્રાપ્ત થાય છે?

ઉત્તર :- ૧. પૂરો વારસો લેવો છે તો પહેલાં બાપ ને પોતાનાં વારિસ બનાવો અર્થાત્ જે કંઈ તમારી પાસે છે, એ બધું બાપ પર બલિહાર કરો. બાપ ને પોતાનાં બાળક બનાવી લો તો પૂરાં વારસા નાં અધિકારી બની જશો. ૨. સંપૂર્ણ પવિત્ર બનો ત્યારે પૂરો વારસો મળશે. સંપૂર્ણ પવિત્ર નથી તો મોચરા (સજા) ખાઈને થોડી જ માની (રોટલી) મળશે.

ઓમ્ શાંતિ ! બાળકો ને ફક્ત એક ની યાદ માં નથી બેસવાનું. ત્રણ ની યાદ માં બેસવાનું છે. ભલે એક જ છે પરંતુ તમે જાણો છો એ બાપ પણ છે, શિક્ષક પણ છે, સદ્‌ગુરુ પણ છે. આપણને બધાને પાછા લઈ જવા આવ્યા છે, આ નવી વાત તમે જ સમજો છો. બાળકો જાણે છે એ જે ભક્તિ શીખવાડે છે, શાસ્ત્ર સંભળાવે છે, એ બધાં છે મનુષ્ય. આમને તો મનુષ્ય નહીં કહેવાશે ને? આ તો છે નિરાકાર, નિરાકાર આત્માઓ ને ભણાવે છે. આત્મા શરીર દ્વારા સાંભળે છે. આ જ્ઞાન બુદ્ધિ માં હોવું જોઈએ. હમણાં તમે બેહદ નાં બાપ ની યાદ માં બેઠાં છો. બેહદનાં બાપે કહ્યું છે - રુહાની બાળકો, મને યાદ કરો તો પાપ કપાઈ જશે. અહીં શાસ્ત્ર વગેરેની કોઈ વાત નથી. જાણો છો બાપ આપણને રાજયોગ શીખવાડી રહ્યા છે. કેટલાં સરસ શિક્ષક છે, ઊંચા માં ઊંચા, તો પદ પણ ઊંચા માં ઊંચુ પ્રાપ્ત કરાવે છે. જ્યારે તમે સતોપ્રધાન બની જશો નંબરવાર પુરુષાર્થ અનુસાર ત્યારે પછી લડાઈ થશે. કુદરતી આફતો પણ આવશે. યાદ પણ જરુર કરવાનાં છે. બુદ્ધિ માં બધું જ્ઞાન પણ હોવું જોઈએ. ફક્ત એક જ વાર પુરુષોત્તમ સંગમયુગ પર બાપ આવીને સમજાવે છે, નવી દુનિયા માટે. નાનાં બાળકો પણ બાપ ને યાદ કરે છે. તમે તો સમજદાર છો, જાણો છો બાપ ને યાદ કરવાથી વિકર્મ વિનાશ થશે અને બાપ પાસે થી ઊંચ પદ મેળવશો. એ પણ જાણો છો આ લક્ષ્મી-નારાયણે નવી દુનિયામાં જે પદ પ્રાપ્ત કર્યુ છે એ શિવબાબા પાસે થી પ્રાપ્ત કર્યુ છે. આ લક્ષ્મી-નારાયણ જ પછી ૮૪ નું ચક્ર લગાવીને હમણાં બ્રહ્મા-સરસ્વતી બન્યાં છે. આ જ પછી લક્ષ્મી-નારાયણ બનશે. હમણાં પુરુષાર્થ કરી રહ્યા છે. સૃષ્ટિ નાં આદિ, મધ્ય, અંત નું તમને જ્ઞાન છે. હવે તમે અંધશ્રદ્ધા થી દેવતાઓ ની આગળ માથું નહીં નમાવશો. દેવતાઓ ની આગળ મનુષ્ય જઈને પોતાને પતિત સિદ્ધ કરે છે. કહે છે આપ સર્વગુણ સંપન્ન છો, અમે પાપી, વિકારી છીએ, કોઈ ગુણ નથી. તમે જેમની મહિમા ગાતા હતાં, હવે તમે સ્વયં બની રહ્યા છો. કહે છે-બાબા, આ શાસ્ત્ર વગેરે ક્યાર થી વાંચવાનું શરુ થયું છે? બાપ કહે છે જ્યાર થી રાવણ રાજ્ય શરુ થયું છે. આ બધી છે ભક્તિમાર્ગ ની સામગ્રી. તમે જ્યારે અહીં બેસો છો તો બુદ્ધિ માં બધું જ્ઞાન ધારણ થવું જોઈએ. આ સંસ્કાર આત્મા લઈ જશે. ભક્તિ નાં સંસ્કાર નથી જવાનાં. ભક્તિ નાં સંસ્કાર વાળા જૂની દુનિયામાં મનુષ્ય ની પાસે જ જન્મ લેશે. આ પણ જરુર છે. તમારી બુદ્ધિ માં આ જ્ઞાન નું ચક્ર ચાલવું જોઈએ. સાથે-સાથે બાબા ને પણ યાદ કરવાનાં છે. બાબા આપણાં બાપ પણ છે. બાપ ને યાદ કર્યા તો વિકર્મ વિનાશ થશે. બાપ આપણાં શિક્ષક પણ છે તો ભણતર બુદ્ધિ માં આવશે અને સૃષ્ટિ ચક્ર નું જ્ઞાન બુદ્ધિ માં છે, જેનાથી તમે ચક્રવર્તી રાજા બનશો. (યાદ ની યાત્રા ચાલી રહી છે)

ઓમ્ શાંતિ. ભક્તિ અને જ્ઞાન. બાપ ને કહેવાય છે જ્ઞાન નાં સાગર. એમને ભક્તિ ની બધી ખબર છે-ભક્તિ ક્યારે શરુ થઈ? ક્યારે પૂરી થશે? મનુષ્યો ને એ ખબર નથી. બાપ જ આવીને સમજાવે છે. સતયુગ માં તમે દેવી-દેવતા વિશ્વ નાં માલિક હતાં. ત્યાં ભક્તિ નું નામ નથી. એક પણ મંદિર નહોતું. બધાં દેવી-દેવતા જ હતાં. પછી જ્યારે અડધી દુનિયા જૂની થાય છે એટલે ૨૫૦૦ વર્ષ પૂરાં થાય છે અથવા ત્રેતા અને દ્વાપર નો સંગમ હોય છે ત્યારે રાવણ આવે છે. સંગમ તો જરુર જોઈએ. ત્રેતા અને દ્વાપર નાં સંગમ પર રાવણ આવે છે જ્યારે દેવી-દેવતા વામમાર્ગ માં પડે (જાય) છે. આ તમારા સિવાય કોઈ નથી જાણતાં. બાપ પણ આવે છે કળિયુગ અંત અને સતયુગ આદિ નાં સંગમ પર અને રાવણ આવે છે ત્રેતા અને દ્વાપર નાં સંગમ પર. હવે એ સંગમ ને કલ્યાણકારી નહીં કહેવાશે. એને તો અકલ્યાણકારી જ કહેવાશે. બાપ નું જ નામ કલ્યાણકારી છે. દ્વાપર થી

અકલ્યાણકારી યુગ શરુ થાય છે. બાપ તો છે ચૈતન્ય બીજરુપ. એમને આખા ઝાડ નું જ્ઞાન છે. તે બીજ પણ જો ચૈતન્ય હોય તો સમજાવે-મારા થી આ ઝાડ આમ નીકળે છે. પરંતુ જડ હોવાનાં કારણે બતાવી ન શકે. આપણે સમજી શકીએ છીએ કે બીજ વાવ્યા પછી, પહેલાં ઝાડ નાનું નીકળે (ઉગે) છે. પછી મોટું થઈ ફળ આપવાનું શરુ કરે છે. પરંતુ ચૈતન્ય જ બધું બતાવી શકે છે. દુનિયા માં તો આજકાલ મનુષ્ય શું-શું કરતા રહે છે? શોધ કરતા રહે છે. ચંદ્રમા પર જવાની કોશિશ કરે છે. આ બધી વાતો હવે તમે સાંભળી રહ્યા છો. ચંદ્રમા તરફ કેટલાં ઊંચા લાખો માઈલ સુધી ચાલ્યા જાય છે, તપાસ કરવા માટે કે જોઈએ, ચંદ્રમા શું ચીજ છે? સમુદ્ર માં કેટલાં દૂર સુધી જાય છે, તપાસ કરે છે, પરંતુ અંત મેળવી ન શકે, પાણી જ પાણી છે. વિમાન માં ઉપર જાય છે, એને પેટ્રોલ એટલું ભરવાનું છે જે પછી પાછા પણ આવી શકે. આકાશ બેહદ છે ને? સાગર પણ બેહદ છે. જેમ આ બેહદ નાં જ્ઞાન-સાગર છે, એ છે પાણી નો બેહદ નો સાગર. આકાશ તત્વ પણ બેહદ છે. ધરતી પણ બેહદ છે, ચાલતાં જાઓ. સાગર ની નીચે પછી ધરતી છે. પહાડો કોનાં પર ઉભા છે? ધરતી પર. પછી ધરતી ને ખોદે છે તો પહાડ નીકળે, એની નીચે પછી પાણી પણ નીકળે છે. સાગર પણ ધરતી પર છે. એનો કોઈ અંત નથી મેળવી શકતા કે ક્યાં સુધી પાણી છે? ક્યાં સુધી ધરતી છે? પરમપિતા પરમાત્મા જે બેહદ નાં બાપ છે, એમના માટે બેઅંત નહીં કહેવાશે. મનુષ્ય ભલે કહે છે ઈશ્વર બેઅંત છે, માયા પણ બેઅંત છે. પરંતુ તમે સમજો છો ઈશ્વર તો બેઅંત હોઈ જ ન શકે. બાકી આકાશ બેઅંત છે. આ પાંચ તત્વ છે, આકાશ, વાયુ... આ પાંચ તત્વ તમોપ્રધાન બની જાય છે. આત્મા પણ તમોપ્રધાન બને છે પછી બાપ આવીને સતોપ્રધાન બનાવે છે. કેટલો નાનો આત્મા છે, ૮૪ જન્મ ભોગવે છે. આ ચક્ર ફરતું જ રહે છે. આ અનાદિ નાટક છે, આનો અંત નથી થતો. આ પરંપરા થી ચાલ્યું આવે છે. ક્યાર થી શરુ થયું - એમ કહે તો પછી અંત પણ હોય. બાકી આ વાત સમજાવવાની છે - ક્યાર થી નવી દુનિયા શરુ થાય છે? પછી જૂની દુનિયા થાય છે. આ ૫ હજાર વર્ષ નું ચક્ર છે જે ફરતું જ રહે છે. હવે તમે જાણો છો, બાકી એમણે તો ગપ્પા મારી દીધાં છે. શાસ્ત્રો માં લખ્યું છે કે સતયુગ ની આયુ આટલાં લાખો વર્ષ છે. તો મનુષ્ય સાંભળી-સાંભળી ને એને જ સાચું સમજી લે છે. આ ખબર નથી પડતી - ભગવાન ક્યારે આવીને પોતાનો પરિચય આપશે? ન જાણવાના કારણે કહી દે છે કળિયુગ ની આયુ ૪૦ હજાર વર્ષ હજી બાકી છે. જ્યાં સુધી તમે ન સમજાવો. હવે તમે નિમિત્ત છો સમજાવવા માટે કે કલ્પ ૫ હજાર વર્ષ નું છે, ન કે લાખો વર્ષ નું છે.

ભક્તિમાર્ગ ની કેટલી સામગ્રી છે, મનુષ્યો ને પૈસા હોય છે તો પછી ખર્ચા કરે છે. બાપ કહે છે હું તમને કેટલાં પૈસા દઈ ને જાઉં છું! બેહદ નાં બાપ તો જરુર બેહદ નો વારસો આપશે. એનાથી સુખ પણ મળે છે, આયુષ્ય પણ લાંબુ હોય છે. બાપ બાળકો ને કહે છે - મારા લાડલા બાળકો, આયુશ્વાન ભવ. ત્યાં તમારું આયુષ્ય ૧૫૦ વર્ષ રહે છે, ક્યારેય કાળ ન ખાઈ શકે. બાપ વરદાન આપે છે, તમને આયુશ્વાન બનાવે છે. તમે અમર બનશો. ત્યાં ક્યારેય અકાળે મૃત્યુ નહીં થાય. ત્યાં તમે ખૂબ સુખી રહો છો એટલે કહેવાય છે સુખધામ. આયુષ્ય પણ લાંબુ હોય છે, ધન પણ ખૂબ મળે છે, સુખી પણ ખૂબ રહો છો. કંગાળ થી સિરતાજ બની જાઓ છો. તમારી બુદ્ધિ માં છે-બાપ આવે છે દેવી-દેવતા ધર્મ ની સ્થાપના કરવાં. તે તો જરુર નાનું ઝાડ હશે. ત્યાં છે જ એક ધર્મ, એક રાજ્ય, એક ભાષા. એને જ કહેવાય છે વિશ્વ માં શાંતિ. આખા વિશ્વ માં આપણે જ પાર્ટધારી છીએ. એ દુનિયા નથી જાણતી. જો જાણતી હોય તો બતાવે ક્યાર થી આપણે પાર્ટ ભજવતા આવ્યા છીએ? હમણાં આપ બાળકો ને બાપ સમજાવી રહ્યા છે. ગીત માં પણ છે ને - બાબા પાસે થી જે મળે છે, તે બીજા કોઈ પાસે થી નથી મળતું. આખી પૃથ્વી, આકાશ, આખા વિશ્વ ની રાજધાની આપી દે છે. આ લક્ષ્મી-નારાયણ વિશ્વ નાં માલિક હતાં પછી જે રાજાઓ વગેરે હોય છે એ ભારત નાં હતાં. ગાયન પણ છે જે બાબા આપે છે, એ બીજા કોઈ આપી ન શકે. બાપ જ આવીને પ્રાપ્તિ કરાવે છે. તો આ બધું જ્ઞાન બુદ્ધિ માં રહેવું જોઈએ જે કોઈને પણ સમજાવી શકો. એટલું સમજવાનું છે. હવે સમજાવી કોણ શકે છે? જે બંધનમુક્ત છે. બાબાની પાસે જ્યારે કોઈ આવે છે તો બાબા પૂછે છે-કેટલાં બાળકો છે? તો કહે છે ૫ બાળકો પોતાનાં છે અને છઠ્ઠું બાળક શિવબાબા છે તો જરુર સૌથી મોટું બાળક થયું ને? શિવબાબા નાં બની ગયા તો પછી શિવબાબા પોતાનાં બાળક બનાવી વિશ્વ નાં માલિક બનાવી દે છે. બાળકો વારિસ થઈ જાય છે. આ લક્ષ્મી-નારાયણ શિવબાબા નાં પૂરાં વારિસ છે. પૂર્વ જન્મ માં શિવબાબા ને બધું આપી દીધું. તો વારસો જરુર બાળકો ને મળવો જોઈએ. બાબાએ કહ્યું - મને વારિસ બનાવો પછી બીજું કોઈ નહીં. કહે છે - બાબા, આ બધું તમારું છે, તમારું પછી અમારું છે. તમે અમને આખા વિશ્વ ની બાદશાહી નો વારસો આપો છો કારણ કે તમારી પાસે જે કંઈ હતું એ આપી દીધું. ડ્રામા માં નોંધ છે ને? અર્જુન ને વિનાશ પણ દેખાડ્યો તો ચતુર્ભુજ પણ દેખાડ્યાં. અર્જુન કોઈ બીજું તો નથી, એમને સાક્ષાત્કાર થયો. જોયું, રાજાઈ મળે છે તો કેમ નહીં શિવબાબા ને વારિસ બનાવું? એ પછી આપણને વારિસ બનાવે છે. આ સોદો તો બહુ જ સરસ છે. ક્યારેય કોઈને

કંઈ પૂછ્યું નથી. ગુપ્ત બધું જ આપી દીધું. આને કહેવાય છે ગુપ્તદાન. કોઈને શું ખબર, આમને શું થઈ ગયું? કોઈ સમજ્યાં એમને વૈરાગ આવ્યો, કદાચ સંન્યાસી બની ગયાં. તો આ બાળકીઓ પણ કહે છે-૫ બાળકો તો અમારા છે, બાકી એક બાળક અમે આમને બનાવીશું. એમણે પણ બધું બાબા ની આગળ રાખી દીધું, જેનાથી અનેક ની સર્વિસ થાય. બાબાને જોઈને બધાને વિચાર આવ્યો, બધાં ઘરબાર છોડી ને ભાગી આવ્યાં. ત્યાંથી જ તોફાન ચાલું થયાં. ઘરબાર છોડવાની એમણે હિંમત બતાવી. શાસ્ત્રો માં પણ લખ્યું છે - ભઠ્ઠી બની હતી કારણ કે એમને એકાંત જરુર જોઈએ. બાપ સિવાય બીજું કોઈ યાદ ન રહે. મિત્રો-સંબંધીઓ વગેરેની પણ યાદ ન રહે કારણ કે આત્મા જે પતિત બન્યો છે એને પાવન જરુર બનાવવાનો છે. બાપ કહે છે ગૃહસ્થ વ્યવહાર માં રહેતાં પવિત્ર બનો. આમાં જ મુસીબત આવે છે. કહેતા હતાં આ સ્ત્રી-પુરુષ ની વચ્ચે ઝઘડા કરાવવા વાળું જ્ઞાન છે કારણ કે એક પવિત્ર બને, બીજો ન બને તો મારામારી થઈ પડે (જાય). આ બધાએ માર ખાધો છે કારણ કે અચાનક નવી વાત થઈ ને? બધાને આશ્ચર્ય થવા લાગ્યું, આ શું થયું જે આટલા બધાં ભાગે છે? મનુષ્ય માં સમજ તો નથી. એટલું કહેતા હતાં - કોઈ તાકાત છે. આવું તો ક્યારેય થયું નથી જે પોતાનાં ઘરબાર છોડીને ભાગે. ડ્રામા માં આ બધાં ચરિત્ર શિવબાબા નાં છે. કોઈ ખાલી હાથ ભાગ્યા, આ પણ ખેલ છે. ઘરબાર વગેરે બધું છોડી ને ભાગ્યા, કંઈ પણ યાદ ન રહ્યું. બાકી ફક્ત આ શરીર છે, જેનાથી કામ કરવાનું છે. આત્મા ને પણ યાદ ની યાત્રા થી પવિત્ર બનાવવાનો છે, ત્યારે જ પવિત્ર આત્માઓ પાછા જઈ શકે છે. સ્વર્ગમાં અપવિત્ર આત્મા તો જઈ ન શકે. કાયદો નથી. મુક્તિધામ માં પવિત્ર જ જોઈએ. પવિત્ર બનવામાં જ કેટલાં વિઘ્ન પડે છે? પહેલાં કોઈ સત્સંગ વગેરે માં જવા માટે કોઈ રોકતા થોડી હતાં? ક્યાંય પણ ચાલ્યા જતા હતાં. અહીં પવિત્રતા નાં કારણે વિઘ્ન પડે છે. આ તો સમજે છે - પવિત્ર બન્યા વગર પાછા ઘરે જઈ ન શકે. ધર્મરાજ દ્વારા મોચરા ખાવા (સજાઓ ખાવી) પડશે. પછી થોડી માની (રોટલી) મળશે. મોચરા નહીં ખાશે તો પદ પણ સારું મળશે. આ સમજણ ની વાત છે. બાપ કહે છે-મીઠાં બાળકો, તમારે મારી પાસે આવવાનું છે. આ જૂનું શરીર છોડી પવિત્ર આત્મા બનીને આવવાનું છે. પછી જ્યારે ૫ તત્વ સતોપ્રધાન નવાં થઈ જશે, ત્યારે તમને શરીર નવું સતોપ્રધાન મળશે. બધું ઉથલ-પાથલ થઈ નવું બની જશે. જેમ બાબા આમનામાં આવી બેસે છે, એમ આત્મા કોઈ તકલીફ વગર ગર્ભ મહેલ માં જઈને બેસશે. પછી જ્યારે સમય થાય છે તો બહાર આવી જાય છે તો જાણે વીજળી ચમકી જાય છે કારણ કે આત્મા પવિત્ર છે. આ બધી ડ્રામા માં નોંધ છે. અચ્છા.

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. આત્મા ને પાવન બનાવવા માટે એકાંત ની ભઠ્ઠી માં રહેવાનું છે. એક બાપ સિવાય બીજા કોઈ પણ મિત્ર-સંબંધી યાદ ન આવે.
2. બુદ્ધિમાં બધું જ્ઞાન રાખી, બંધનમુક્ત બની બીજા ની સર્વિસ કરવાની છે. બાપ સાથે સાચ્ચો સોદો કરવાનો છે. જેમ બાપે બધું જ ગુપ્ત કર્યું, એમ ગુપ્તદાન કરવાનું છે.

વરદાન :- માયા નાં વિકરાળ રુપ નાં ખેલ ને સાક્ષી થઈ ને જોવા વાળા માયાજીત ભવ

માયા ને વેલકમ કરવા વાળા એનાં વિકરાળ રુપ ને જોઈને ગભરાતા નથી. સાક્ષી થઈને ખેલ જોવાથી મજા આવે છે કારણ કે માયા નું બહાર થી સિંહ નું રુપ છે પરંતુ અંદર તાકાત બિલાડી જેટલી પણ નથી. ફક્ત તમે ગભરાઈ ને એને મોટું બનાવી દો છો-શું કરું... કેવી રીતે થશે...? પરંતુ આ પાઠ યાદ રાખો જે થઈ રહ્યું છે તે સારું, અને જે થવાનું છે તે વધારે સારું. સાક્ષી થઈને ખેલ જુઓ તો માયાજીત બની જશો.

સ્લોગન :- જે સહનશીલ છે તે કોઈ નાં ભાવ-સ્વભાવ માં બળતા નથી, વ્યર્થ વાતો ને એક કાન થી સાંભળી બીજા થી કાઢી નાખે છે.